પાલનપુરનો હાઈવે વિસ્તાર ધરોઈના પાણીથી વંચિત

ધરોઇની પાઈપલાઈન નંખાઈ પણ જોડાણ અપાયું ન હોવાની રાવ : પાલનપુરના ડીસા હાઇવે અને આબુ હાઇવે પર આવેલી સોસાયટીઓમાં જોડાણ કરી પાણી ચાલુ કરવા રહીશોની માંગ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરના પાલનપુર-ડીસા હાઈવે તેમજ આબુ હાઈવે પરની સોસાયટીમાં ધરોઈના પાણી માટે નવિન પાઈપો નાખવામાં આવી છે. પરંતુ હજુ સુધી સોસાયટીઓમાં કનેક્સન આપવામાં ન આવતા શહેરની હાઈવે પરની કેટલીક સોસાયટીઓના રહીશો ધરોઈના પાણી થી વંચીત છે.જેથી ઝડપથી કનેક્સનનું જોડી પાણી આપવામાં આવે તેવી રહીશોની માંગ ઉઠી છે.

પાલનપુર નગરપાલિકા દ્વારા પાલનપુર ડીસા હાઈવે પર આવેલી ગોકુળધામ સોસાયટી, બાલાજી પાર્ક તેમજ આબુ હાઈવે પર આવેલ ન્યુ પાલનપુરમાં આવેલી તિરુપતિ રાજનગર, બાલાજી સીટી, સાકાર, સાશ્વત, રાજમહેલ સહીતની સોસાયટીઓમાં ધરોઈનું પાણી મળી રહે તે માટે પાઈપો નાખવામાં આવી છે. પરંતુ દસ માસ ઉપરાંતનો સમય ગાળો વિતવા છતાં પાણીનું નળ કનેક્સન લોકોના ઘર સુધી જોડાણ કરવામાં આવ્યુ નથી.

જેના કારણે રહીશો ધરોઈના પાણીથી વંચીત છે. આ અંગે ગોકુળધામ સોસાયટીના રહીશોએ જણાવ્યું હતુ કે પાલિકામાં વેરો ભરવા છતાં હજુ સુધી ધરોઈનું પાણીનું કનેક્સન આપવામાં ન આવતા રહીશોને ઉનાળામાં પાણીની સમસ્યા સર્જાય છે.તો ઝડપથી ધરોઈ આધારીત પાણીનું નળ કનેક્સન આપવામાં આવે તેવી રહીશોની માંગ છે.

આબુ હાઈવે પર પાણીનું ટાંકી અને સંપ બનાવાયો પણ પાણી અપાયુ નથી

આબુ હાઈવે પર આવેલ ન્યુ પાલનપુર માં આવેલી સોસાયટીના રહીશો માટે પાલિકા દ્વારા પાણીનું ટાંકુ તેમજ સંપ બનાવવામાં આવ્યો છે.પરંતુ હજુ સુધી ઘર સુધી જોડાણ કરવામાં આવ્યુ નથી.જેના કારણે સ્થાનિક રહીશો ધરોઈના પાણીથી વંચીત છે.તો સત્વરે રહીશોના મકાનો સુધી નળ કનેક્સનનું જોડાણ કરવામાં આવે તેવી રહીશોની માંગ છે.

ધરોઈના પાણીની આવક ખુબ ઓછી આવે છે, પુરતા પ્રમાણમાં પાણી મળતુ થશે ત્યારબાદ કનેક્સન આપવામાં આવશે

ચમનભાઇ સુપરવાઇઝર પાણી પુરવઠા નગરપાલિકા

પાલનપુર શહેરમાં આવેલ ૧ થી ૧૧ વોર્ડમાં ૧.૬૦ કરોડ લિટર પાણીની જરૂરીયાત હોય છે.જેની સામે અત્યારે ૮૦ લાખ લિટર પાણીની ધરોઈથી આવક ઓછી આવે છે.જેથી અત્યારે જે કનેક્સનો છે.તેમાં પણ પહોંચી શકાતુ નથી.જેના કારણે લોકોને બોરનું પાણી આપી લોકોને તકલીફ ન પડે તે માટેના પ્રયાસ કરવામાં આવે છે.ધરોઈથી પુરતા પ્રમાણમાં પાણી પુરવઠો આપવામાં આવશે.ત્યારબાદ નવી નાખેલી પાઈપોમાંથી ધરોઈના પાણી માટેના કનેક્સનો આપી લોકોને ધરોઈનું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૪૫૫ નવા કેસ

રાજ્યમાં ૨૪ કલાકમાં ૬ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૮૦૦૦૭૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૫૫ કેસ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૪૫૫ કેસો નોંધાયા છે અને સામે ૧૦૬૩ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં કુલ ૨,૩૪,૫૦૧ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું. અત્યાર સુધીમાં થયેલા કુલ રસીકરણની વિગતો નીચે મુજબ છે. રાજ્યમાં કોરોનાના કારણે વધુ ૬ દર્દીના મોત થતાં કુલ મૃત્યુઆંક ૯૯૯૭ પર પહોંચ્યો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૮૦૦૦૭૫ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. કુલ એક્ટિવ કેસો ૧૦૨૪૯ છે જેમાં ૨૫૩ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે ૯૯૯૬ દર્દીઓ સ્ટેબલ છે. ગુજરાતના મોટા શહેરોમાં કોરોનાના કેસોની સ્થિતિ પર નજર કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં સુરતમાં ૭૧, અમદાવાદમાં ૫૪, વડોદરામાં ૪૧, રાજકોટમાં ૨૨ નવા કેસો નોંધાયા છે. અન્ય શહેરોમાં કોરોનાના કેસોની સ્થિતિ પર નજર કરીએ તો નવસારીમાં ૧૭, જુનાગઢમાં ૧૫, ગીર સોમનાથમાં ૧૪, ભરૂચમાં ૧૧, કચ્છમાં ૧૦, અમરેલી અને જામનગરમાં ૯, પંચમહાલ અને વલસાડમાં ૮, મહેસાણામાં ૭, બનાસકાંઠા અને દેવભૂમિ દ્વારકામાં ૬, ખેડા-પોરબંદર-સાબરકાંઠામાં ૫, આણંદ અને ગાંધીનગરમાં ૪, મહીસાગર-પાટણ-સુરેન્દ્રનગરમાં ૩, અરવલ્લી અને તાપીમાં ૨, બોટાદ અને નર્મદામાં ૧ કેસ નોંધાયો છે.

'શ્રી ખાખરીયા છાસઠ પ્રજાપતિ યુવા મંચ' દ્વારા કોરોના કાળમાં અનોખો સેવા યજ્ઞ

ખાખરિયા છાસઠ પ્રજાપતિ યુવા મંચ સમાજ ગાંધીનગર તથા અમદાવાદ ની આજુ બાજુ ૭૦ કરતા પણ વધારે ગામ અને શહેર માં છવાયેલો છે, પ્રજાપતિ સમાજ વર્ષો થી એકદમ શાંત અને ધાર્મિક ભક્તિ ભાવ વાળો કહેવાય છે, પ્રજાપતિ સમાજ ના યુવાનો દ્વારા કાર્યરત એક સંસ્થા થકી કોરોના તથા ઓકસીજન લેવલ વધારતી હોમીયોપેથી દવા ની પણ વ્યવસ્થા યુવા મંચ ટીમ દ્વારા કરવામા આવી તેમજ કોવિડ દર્દી ને ઈમરજન્સી મા હોસ્પીટલ મા દાખલ કરાવવામાં મદદગાર થયા, વેન્ટિલેટર ની જરૂરિયાત હોય તેવા દર્દી ને વેન્ટિલેટર બેડ ની વ્યવસ્થા કરીઆપી, કોરોના મા સમાજ એક જેથી કરી કીટ ૪ ૫ મહિના ચાલે ત્યાં સુધી પરિવાર થોડો સ્ટેબ્લ થઈ જાય એવા આશય થી જમ્બો કીટ નુ આયોજન કરેલ, તથા આવા નીસહાય પરિવારના ભણતા બાળકો ને આગળ શિક્ષણ મા પણ શક્ય તેટલી મદદ યુવા મંચ કરવા પણ તૈયારી બતાવી રહ્યું છે, અને સમાજમાં કોઈ પણ વ્યક્તિ નું

ની આ ભયંકર મહામારીમાં અનોખો સેવા યજ્ઞ યુવાનો કરી રહ્યા છે.

શ્રી ખાખરિયા છાસઠ પ્રજાપતિ યુવા મંચ છેલ્લાં ત્રણ મહિના કરતાં પણ વધારે સમય થી કોરોના ની બીજી વેવ મા પ્રજાપતિ સમાજ ના યુવાનો ટીમ દ્વારા અનોખી સેવા આપી રહ્યું છે સરૂઆત માં સમાજ ના દરેક ઘરે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કર્યું, ત્યાર બાદ કોરોના સમયે ઓકસીજન બોટલ તથા તેનું રીફિલિંગ કરીને બોટલ ની વ્યવસ્થા સાથે ઓકસીજન માસ્ક,જરૂરી ઈન્જેકશન, દવાઓ પરિવાર સમજી બધા યુવાનો રાત દિવસ ખડે પગે રહી કોરોના નાં દર્દી ને રૂબરૂ મળી એમના પરિવાર સાથે વાત ચિત કરી સંકલન કરી પોઝીટીવ એનર્જી આપી હૂંફ આપવાનું કામ યુવા મંચ ના યુવાનો દ્વારા કરવામાં આવ્યું, ઉપરાંત કોરોના મા કોઈ પરિવાર ના મુખ્ય કમાવનાર વ્યકિત નું મૃત્યુ થતા પરિવાર નિરાધાર નિસહાય બન્યો હોય તેવા પરિવાર ને યુવા મંચ ના યુવાનો દ્વારા જંબો કીટ ૫૩ આઇટમ ની કરિયાણા ની કીટ કે જે ૪ ૫ મહિના ચાલી સકે સાથે કવરમાં ૫૦૦૦ રોકડ સહાય આપી, જંબો કીટ એટલા માટે કે અવસાન થયુ હોય ત્યારે યુવા મંચ ટીમ જેતે ગામના યુવા સેવક મારફતે પત્ર દ્વારા શોક સંદેશ મોકલીને પરિવાર ને સાંત્વના આપી રહ્યું છે.

આજે પ્રજાપતિ સમાજ માં યુવા મંચ ના યુવાનો ની આ ભગીરથ સેવા આસ પાસ ના અન્ય સમાજ ના યુવાનો માટે પ્રેરણા રૂપ બની છે, અને માનવતાનું મોટુ ઉદાહરણ પ્રજાપતિ સમાજ ના યુવાનોએ આપ્યું છે. જો આવી માનવતાવાદી ભાવના દરેક માનવ રાખે તો આ પૃથ્વી સાચેજ સ્વર્ગ બની જાય અને જીવન કેટલું સરળ થઈ જાય.?

સૌરાષ્ટ્રમાં આ વખતે ૩૬ ઈંચ કરતા વધુ વરસાદની આગાહી

ચોમાસું તીવ્ર ગતિથી ગુજરાત તરફ વધી રહ્યું છે : હિન્દ મહાસાગર તરફથી જે પવન ફૂંકાઈ રહ્યો છે તે ભેજ સાથેનો હોવાથી સૌરાષ્ટ્રમાં ભારે ઉકળાટ-બફારો રહ્યો

રાજકોટ, તા. ૧૩

સૌરાષ્ટ્રના ખેડૂતો માટે સારા સમાચાર છે. સૌરાષ્ટ્રમાં આ વર્ષે ૧૬ આની વરસાદ રહેવાના એંધાણ હવામાન વિભાગે આપ્યા છે. દર વર્ષે વાવણી ભીમ અગિયારસથી શરૂ થતી હોય છે. જો અષાઢી બીજના વરસાદ આવે તો એક મહિનો વરસાદ મોડો આવશે તેવું લોકો માનતા હોય છે. આ વખતે હવામાન વિભાગે આગાહી કરી છે કે, ૧૫ જૂનના બે દિવસ પહેલા એટલે કે ૧૩ જૂન થી ગુજરાતમાં ચોમાસું પ્રવેશ કરશે.

હિન્દ મહાસાગર તરફથી જે પવન ફૂંકાઈ રહ્યો છે તે ભેજ સાથેનો હોવાથી સૌરાષ્ટ્રમાં ભારે ઉકળાટ અને બફારો જોવા મળી રહ્યો છે. ચોમાસું તીવ્ર ગતિથી ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્ર પર અપરએર સર્ફયુલેશન સર્જાય તો વરસાદ ૧૬ આની રહેવાની શક્યતાઓ છે. જેમાં જૂન માસમાં ૪ થી ૫ અને સૌરાષ્ટ્રમાં ચોમાસા દરમિયાન ૩૬ ઈંચ કરતાં વધુ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

દર વર્ષે ચોમાસા (ર્સ્હર્જહ) ની પેટર્ન અલગ અલગ હોય છે અને સામે અલ-નીનો અને લા-નીનોની અસર પણ જોવા મળે છે. ત્યારે જો અલનીનોની અસર વર્તાય તો જે વાદળો બનતા હોય તે બંધાઈ શકે નહીં અને વરસાદ મોડો વર્ષે પરંતુ આ વર્ષે દક્ષિણ-પશ્ચિમી પવન વધુ તીવ્ર બનતા વાદળો ઘેરાઈ રહ્યા છે અને બંધાય પણ રહ્યા છે. ગત વર્ષે રાજકોટમાં ૧૨૨૨ મી.મી વરસાદ એટલે કે ૪૯ ઈંચ જેટલો નોંધાયો હતો. ત્યારે આ વર્ષે જે સિસ્ટમ સક્રિય બની છે તેને જોતાં ચોમાસું સામાન્ય રહેવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. રાજકોટમાં વર્ષ ૨૦૧૦માં સર્વાધિક વરસાદ ૬૦.૫ ઈંચ જેટલો નોંધાયો હતો.

ચાંદખેડામાં આરોપીને પકડવા ગયેલી પોલીસ ઉપર હુમલો

અમદાવાદ, તા. ૧૩

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં પોલીસ કર્મચારી ઉપર હુમલાની ઘટના સામે આવતા પોલીસ દોડતી થઈ ગઈ હતી.નોંધનીય છે કે પોલીસ ઉપર હુમલાના બનાવ દિવસે દિવસે વધી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહ ની વાત કરીએ તો ઉથી વધુ બનાવમાં પોલીસ ઉપર હુમલો થયો છે અને જેમાં ક્રાઈમ બ્રાન્ચ પણ સામેલ છે. ત્યારે ફરી અમદાવાદમાં પોલીસ ઉપર હુમલો થતા અનેક સવાલ ઉભા થયા છે. મળતી માહિતી પ્રમાણે ચાંદખેડા પોલીસને વરદી મળી હતી કે માઈકલ નામના વ્યક્તિએ ફરિયાદી ઉપર તલવાર વડે હુમલો કર્યો છે અને જેમને ગંભીર ઈજાઓ થઈ છે જેથી પોલીસ ત્યાં પહોંચીને તપાસ સારું કરી હતી. પોલીસની સાથે અન્ય એક વ્યક્તિ જે ફરિયાદીની સાથે હતા તે પણ હતો અને જેમણે આરોપી મુકેશ ઉર્ફે માઈકલને ઓળખી બતાવેલ.

જેથી પોલીસ તેને સાથે ચાલવા કહેતા તેની સાથે રહેલા અન્ય લોકો એકદમ ઉશ્કેરાઈ ગયા અને માઈકલને સાથે નહીં લઈ જવા દઈએ તેમ કહેવા લાગેલ સાથો સાથ તમને જીવતા નહીં જવા દઈએ તેવી પણ ધમકી આપવા લાગ્યા હતા. આરોપીની પકડવા જતા તેમની સાથે રહેલ આરોપી એ પોલીસ ઉપર લાકડા વડે હુમલો કરી દીધો હતો અને અન્ય પોલીસ કર્મચારીઓ ઉપર પણ હુમલો કરી દીધો હતો.

મહત્વ નું છે કે મહિલા આરોપીએ પથ્થર ફેંકીને પોલીસ કર્મચારીઓને ઈજા કરી અને ત્યાર બાદ ૨ આરોપીઓ ત્યાંથી ભાગવા જતા એક આરોપી પડી ગયો અને પોલીસે તેને પડકી નામ પૂછતાં માઈકલ હોવાનું જાણવા મળ્યું હતું.

આરોગ્યના અધિક મુખ્ય સચિવ, સાબરકાંઠાની મુલાકાતે

૧૮+ રસીકરણ ઝૂંબેશ વધુ બનાવવા અપીલ કરી

બાયડ, તા.૧૩

રાજય સરકાર દ્વારા રસીકરણ ઝૂંબેશને વધુ વેગવંતી બનાવવા તથા કોરોનાની ત્રીજી લહેરમાં તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીની સમીક્ષા નવનિયુક્ત આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ એ રવિવારના રોજ સાબરકાંઠા જિલ્લાની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું

શહેર વિસ્તાર બાદ ગ્રામ્ય વિસ્તારમાં વધુ મળી આવેલા કોરોનાના કેસને લઇ આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા કામગીરી તેજ બનાવાઇ છે. જેમાં બીજી લહેરમાં મોટા પ્રમાણમાં મૃત્યુઆંક સામે આવતા રસીકરણ ઝૂંબેશને વધુ વેગવંતી બનાવવા અપીલ કરી હતી.

વિગત આપતા જિલ્લા કલેકટર હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, જિલ્લામાં હાલ ૩૭૮ રસીકરણ કેન્દ્ર પર પ્રતિદિન ૮૦૦૦થી વધુ લોકોને રસી અપાઇ રહીછે જેમાં અત્યાર સુધી ૪૫ થી ૬૫ વર્ષની આયુ ધરાવતા ૨,૭૩,૨૫૪ લોકોને આવરી લેવાયા છે જયારે ૧૮ વયથી ઉપરના ૩૩૫૭૯ લોકોને રસીનો પ્રથમ ડોઝ અપાઇ ચુક્યો છે.

મનોજ સિન્હાએ કોરોનાની ત્રીજી લહેરમાં તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી સમીક્ષાની વાત કરતા ઉમેર્યુ હતું કે, જિલ્લામાં વધુ પ્રમાણમાં બેડની સુવિધા અને ઓક્સિજન પ્લાનટની તૈયારી રખાય તે જરૂરી છે. જેમાં જિલ્લામાં હાલ ખાનગી અને સરકારી હોસ્પિટલ મળી કુલ ૬ ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત છે જયારે આગામી સમયમાં વધુ

નવા પાંચ પ્લાન્ટ ઉભા કરવામાં આવશે તેમ જિલ્લા કલેકટર શ્રીએ ઉમેર્યુ હતું. અધિક મુખ્ય સચિવ એ જિલ્લાના આદિજાતિ અને અંતરીયાળ તાલુકાના ગામોમાં ટેસ્ટીંગની સુવિધા વધુ ઉભી કરાય તેમજ તેનુ સમયસર નિદાન થાય તે જરૂરી હોવાનું જણાવ્યું હતું, આ ઉપરાંત જે ગ્રામ્ય વિસ્તારોમાં હાલ રસીકરણ ધીમુ ચાલી રહ્યુ હોય ત્યાં વિશેષ ધ્યાન આપવા અનુરોધ કર્યો હતો.

જિલ્લામાં હાલ એક્ટીવ ૯૩ કોરોના કેસ ઉપરાંત મ્યુકર માઇકોસિસના કેસને ગંભીરતાથી લઇ તેના સંક્રમણને રોકવા તથા તેમના સંપર્કમાં આવેલા લોકોનું ઝડપથી ટેસ્ટીંગ અને ટ્રેસિંગ થાય તે જોવાની આરોગ્યના અધિકારીઓને તાકીદ કરી હતી. તેમણે ખાનગી કોવિડ હોસ્પિટલના તબીબો સાથે સતત સંકલનમાં રહી ગરીબ દર્દીઓને ઝડપથી સારવાર મળી રહે તે દિશામાં કામગીરી કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

જિલ્લા કક્ષાના અધિકારીઓની બેઠક બાદ શ્રી અધિક મુખ્ય સચિવ હિમતનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લઇ તેની વ્યવસ્થાઓ અંગે સમીક્ષા કરી હતી. તેમજ મેડિકલના વિધાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લા કલેકટર હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. રાજેન્દ્ર પટેલ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજેશ પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ચારણ, આરસીએચઓ જયેશભાઇ પરમાર, સંચારી રોગ અટકાયત અધિકારી ડોક્ટર ચિરાગ મોદી, ઇન્ચાર્જ સિવિલ સર્જન મૂલાણી સહિત આરોગ્યના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોરોનાની ત્રીજી લહેર અંગે રાજ્યના તબીબો ચિંતિત

સાવધાની માટેના સૂચનો સૂચવ્યા : હર્ડ ઇમયુનિટી ન વિકસે ત્યાં સુધી નિયમનું કરવું પડશે પાલન

અમદાવાદ, તા. ૧૩

કોરોનાની પહેલી લહેર કરતા વધુ ઘાતક કોરોનાની બીજી લહેર હતી. અને હવે કોરોનાની ત્રીજી લહેરના ભણકારા વાગી રહ્યા છે. ત્યારે અમદાવાદના ડોકટર્સ કોરોનાની ત્રીજી લહેરને લઈ ચિંતિત બન્યા છે. અમદાવાદ મેડિકલ એસોસિએશનના ડૉક્ટર્સએ આ મામલે બેઠક યોજી ત્રીજી લહેર પહેલા કેવી સાવધાની રાખી શકાય, કેવી રીતે તેની ઘાતકતા રોકી શક્ય અને તે મામલે વેકસીનેશન અને તમામ જૅનું પાલન જરૂરી બનશે. જોકે આ ઉપરાંત નિષ્ણાત તબીબએ સૂચવેલા સૂચનો પણ જાણવા જરૂરી છે.

અમદાવાદ મેડીકલ એસોસિએશનના ડોકટર્સ દ્વારા યોજાયેલી બેઠકમાં દરેક ફિલ્ડના નિષ્ણાત ડોકટર્સ બેઠકમાં જોડાયા હતા. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના સ્ટેટ કોઓર્ડીનેટર ડો. મુકેશ મહેશ્વરીએ જણાવ્યું કે, કોરોનાની ત્રીજી લહેરની ઘાતકતા ઓછી કરવા વેકસીનેશન અને તમામ જૅનું પાલન જરૂરી રહેશે. સાથે જ આપણે હર્ડ ઇમયુનિટી તરફ ના જઈએ ત્યાં સુધી નિયમોનું પાલન કરવું પડશે.

એમ ડી. ફિઝિશિયન ડો.ઉર્મેન ધ્રુવએ જણાવ્યું કે બીજી લહેરમાં દર્દીઓને લાવવા લઇ જવામાં એમ્બ્યુલન્સની તકલીફો પડી હતી એટલે ત્રીજી લહેર પહેલા એમ્બ્યુલન્સ ઉપરાંત ટેક્સીઓ કે સીટી બસ કે કોઈ પણ પ્રકારના ઉપયોગ વગર પડી રહે છે તેને ઉપયોગ કરી શકાય તેવી તૈયારી રાખવી પડશે. એવું મનાય છે કે ત્રીજી લહેરમાં બાળકો સંક્રમિત થઈ શકે છે. જોકે ઘણા પીડિયાટ્રીશિયન આ વાત નકારી રહ્યા છે છતાં તેની તૈયારીના ભાગ રૂપે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન આપવું પડશે સાથે હોસ્પિટલમાં બાળકો માટેના વોર્ડ અને તેમાં એક પેરેન્ટ્સ રહી શકે તેવી વ્યવસ્થા બનાવવી પડશે. જો થર્ડ વેવમાં બાળકો સંક્રમિત થવાના ચાન્સીસ હોય તો તેવા બાળકોના માતાપિતાએ વેકસીન લઈ લેવી જોઈએ. બધા વેકસીનેટ થશે તોજ બધાને ફાયદો થશે. એટલે વધુને વધુ લોકોને વેકસીન લેવા માટે પ્રેરવા પડશે. માસ્ક અને વેકસીન બન્ને એટલા જ મહત્વના છે. જે લોકોને બ્લડ પ્રેશર, ડાયાબીટીસ કે અન્ય કોઈ રોગ છે તેને કાબુમાં લાવવા પ્રયાસ કરવો પડશે. જે લોકો ને રોગ નથી તેઓ આગામી ત્રણ મહિના દરમિયાન પોતાની રોગ પ્રતિકારક શક્તિ વધારવી જોઈએ.

"સ્છના નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ ગાર્ગી પટેલએ જણાવ્યું કે, ત્રીજી વેવ આવશે એવી શક્યતા છે પણ માત્ર બાળકો જ સંક્રમિત થાય એ શકયતા હાલ અમે નકારીએ છીએ.કોઈ સંશોધન એવું નથી કહેતું કે, હવે બાળકો મોટી સંખ્યામાં સંપડાશે. બાળકોમાં વધુ અસર નથી જોવા મળતી કેમકે બાળકોમાં ઈમ્યુનિટી સારી પહેલેથી જ હોય છે.

ડ્રોનથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલમાં ફક્ત તેલંગનામાં જ ડ્રોન દ્વારા કોરોના વેક્સીન પહોંચાડવાનું કામ શરૂ થયુ છે. દુર્ગમ વિસ્તારમાં કોરોના વેક્સીન પહોચાડવા માટે આઈસીએમઆર સંપૂર્ણ તૈયારી કરી ચુક્યું છે. આ હેઠળ કામ માટે તે ડ્રોનનો ઉપયોગ કરશે. જે ૩૫ કિલોમીટર સુધી જઈ શકે છે. સાથે જ ૧૦૦ મીટરની ઉંચાઈ સુધી ઉડાન ભરી શકે છે. જાણકારી મુજબ આ ડ્રોન આકાશમાં સીધુ ઉડાન ભરવા અને ચાર કિલો વજનન સામાન લાવવાની ક્ષમતા ધરાવે છે. આ સાતે જ તે વેક્સીનને નક્કી સેન્ટર પર પહોંચી તે ત્યાંથી પરત સ્ટેશન કે કેન્દ્ર પર આવવાને સક્ષમ હશે. ડ્રોનની ટેક ઓફ અને લેન્ડિંગ ડીજીસીએની ગાઈડલાઈન્સ પર આધારિત હશે. જેમાં પેરાશૂટ આધારિત ડિલીવરી સિસ્ટમ નહીં થાય.

માર્ગ સુધારણાના કામો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગ, વાસન ગામથી ચાંદીસણા નાળિયાનો રોડ, જલુંદ ગામે સરઢવ નાલિયા ને વાળીનાથ મંદિર તરફનો માર્ગ,જુના પીપળજ રોડથી ઉનાવા મુબારકપુર રોડને જોડતો માર્ગ, ઉનાવા ગોગા ફાર્મ અને વહાણવટી માતાના ફાર્મને જોડતા નાળિયાનુ કામ, વાસણ થી રૂપાલ માર્ગ પર નાળિયાનુ કામ કોલવડાથી વાવોલ કેનાલ બાજુનો તેમજ ઓ એન જી સી થી પુન્દ્રાસણ અને કોલવડા સોનીપુર થી સ્ટેશનને જોડતા માર્ગનુ કામ હાથધરવામાં આવશે.

કંપની સમાચાર

ક્રિષ્ના ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ લિમિટેડનો આઈપીઓ ૧૬મીએ ખુલશે

પ્રાઇસ બેન્ડ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેરદીઠ ("ઇક્વિટી શેર") રૂ. ૮૧૫થી રૂ. ૮૨૫

બિડ/ઓફર ખુલવાની તારીખ - ૧૬ જૂન, ૨૦૨૧, બુધવાર અને બિડ/ઓફર બંધ થવાની તારીખ - ૧૮ જૂન, ૨૦૨૧, શુક્રવાર

બિડ લઘુતમ ૧૮ ઈક્વિટી શેર માટે અને પછી ૧૮ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે

ફ્લોર પ્રાઈસ ઈક્વિટી શેરની ફેસ વેલ્યુથી ૮૧.૫૦ ગણી છે અને કેપ પ્રાઈસ ઈક્વિટી શેરની ફેસ વેલ્યુથી ૮૨.૫૦ ગણી છે

ક્રિષ્ના ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ લિમિટેડ ("કંપની" કે "ક્રેંસ્જી હોસ્પિટલ")નો આઈપીઓ (ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લિક ઓફર) ૧૬ જૂન, ૨૦૨૧ને બુધવારે ખુલશે ("આઈપીઓ"/"ઓફર"). બિડ/ઓફર ૧૮ જૂન, ૨૦૨૧ને શુક્રવારે બંધ થશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૮૧૫થી રૂ. ૮૨૫ નક્કી કરવામાં આવી છે.

આઈપીઓમાં કુલ રૂ. ૨,૦૦૦ મિલિયન ("ફ્રેશ ઈશ્યૂ")ના ફ્રેશ ઈશ્યૂ અને ૨૩,૫૬૦,૫૩૮ ઈક્વિટી શેરના વેચાણની ઓફર ("ઓફર ફોર સેલ"), જનરલ એટલાન્ટિક સિંગાપોર કેએચ પીટીઈ લિમિટેડના ૧૬,૦૦૩,૬૧૫ ઈક્વિટી શેર ("રોકાણકાર વિક્રેતા શેરધારક"), ડો. ભાસ્કરરાવ બોલ્લિનેનીના ૩૮૭,૯૬૬ ઈક્વિટી શેર, રાજયશ્રી બોલ્લિનેનીના ૭૭૫,૯૩૩ ઈક્વિટી શેર, બોલ્લિનેની રમાનૈયા મેમોરિયલ હોસ્પિટલ પ્રાઈવેટ લિમિટેડના ૩૮૭,૯૬૬ ઈક્વિટી શેર (સંયુક્તપણે, "પ્રમોટર વિક્રેતા શેરધારકો"), ૯ જૂન, ૨૦૨૧ના રોજ પ્રસ્તુત રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ ("આરએચપી")ના પરિશિષ્ટ છમાં ઉલ્લેખિત વ્યક્તિઓના ૬,૦૦૫,૦૫૮ ઈક્વિટી શેર સામેલ છે ("અન્ય વિક્રેતા શેરધારકો" તથા સંયુક્તપણે "રોકાણકારો વિક્રેતા શેરધારક" અને "પ્રમોટર વિક્રેતા શેરધારકો", "વિક્રેતા શેરધારકો" અને આ પ્રકારના ઈક્વિટી શેર, "ઓફર્ડ શેર્સ").

ડોડલા ડેરી લિમિટેડનો આઈપીઓ ૧૬મીએ ખુલશે

ડોડલા ડેરી લિમિટેડનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ, "ઓફર") ૧૬ જૂન, ૨૦૨૧ના રોજ ખુલશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૨૧થી રૂ. ૪૨૮ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૩૫ ઈક્વિટી શેરમાં અને પછી ૩૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. આઈપીઓમાં કુલ રૂ. ૫૦૦ મિલિયનના ફ્રેશ ઈશ્યૂ અને ૧૦,૯૮૫,૪૪૪ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે. ઓફર ફોર સેલ ટીપીજી ડોડલા ડેરી હોલ્ડિંગ્સ પીટીઈ લિમિટેડના ૯,૨૦૦,૦૦૦ ઈક્વિટી શેર ("રોકાણકારો વિક્રેતા શેરધારક") અને ડોડલા સુનિલ રેડ્ડીના ૪૧૬,૬૦૪ ઈક્વિટી શેર અને ડોડલા ફેમિલી ટ્રસ્ટના ૧,૦૪૧,૫૦૯ ઈક્વિટી શેર ("પ્રમોટર વિક્રેતા શેરધારકો") તથા ડોડલા દીપા રેડ્ડીના ૩૨૭,૩૩૧ ઈક્વિટી શેર ("પ્રમોટર ગ્રૂપ વિક્રેતા શેરધારક") ધરાવે છે.

ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)નું પાલન કરીને અને સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમન ૩૧ સાથે વાંચીને સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રુલ્સ, ૧૯૫૭, જેમાં સમયેસમયે થયેલા સુધારા ("એસસીઆરઆર")ના નિયમ ૧૯(૨)(બી) અંતર્ગત બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા રજૂ થઈ છે, જેમાં ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂટશન બાયર્સ ("ક્યુઆઈબી") ("ક્યુઆઈબી પોર્શન")ને ફાળવવા માટે ઉપલબ્ધ કરવામાં આવશે, જેમાં શરત એ છે કે અમારી કંપની અને વિક્રેતા શેરધારકો બીઆરએલએમ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા સુધીનો હિસ્સો વિવેકાધિન ધોરણે એંકર રોકાણકારોને ફાળવી શકે છે ("એંકર ઈન્વેસ્ટર પોર્શન"). સેબી આઈસીડીઆર નિયમનોને અનુરૂપ એંકર ઈન્વેસ્ટર પોર્શનનો એક-તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે રિઝર્વ રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી એંકર ઈન્વેસ્ટર ફાળવણીની કિંમત પર કે એનાથી વધારે કિંમત પર માન્ય બિડ મળવાને આધિન છે. ક્યુઆઈબી પોર્શન (એંકર ઈન્વેસ્ટર પોર્શન સિવાય)નો ૫ ટકા હિસ્સો મ્યુચ્યુઅલ ફંડને જ સપ્રમાણ આધારે ફાળવવા માટે ઉપલબ્ધ કરવામાં આવશે અને ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ સહિત તમામ ક